Durgesh V. Buch
President

Natubhai Patel
Sr. Vice President

Bhargav Thakkar
Vice President

Sanjeev Chhajer
Secretary

Dilip M. Padhya
Secretary (R)

Pathik S. Patwari
Treasurer

14 જુલાઈ, 2020/12718

પ્રતિ,

શ્રી જયદ્રથસિંહજી પરમાર
માનનીય રાજ્યકક્ષાના પર્યાવરણ મંત્રીશ્રી
સ્વર્ણિમ સંકુલ -2 ત્રીજો માળ
સચિવાલય
ગાંધીનગર - 10

**વિષય: સુપ્રિમ કોર્ટના વકીલ દ્વારા આપેલ ઓપિનિયન અંગે વાતચીત કરવા બાબતે**

આપની કુશળતા ઈચ્છું છું.

તલોજા ઇન્ડસ્ટ્રીઝ એસોશિયેશન અને સ્મોલ ચેમ્બર્સ એસોશિયેશન દ્વારા સુપ્રિમ કોર્ટમાં અપીલ કરતાં તેમને મનાઈ હુકમ મળેલ છે. આ અંગે અમોએ એડવોકેટ શ્રી સૌરભભાઈ કુલકર્ણીનો ઓપિનિયન લીધો છે. (નકલ શામેલ છે) તેના આધારે જ્યાં સુધી આ અંગે ફાઇનલ હુકમ ન મળે ત્યાં સુધી જીપીસિબી દ્વારા એન્વાયરમેન્ટ ડેમેજ કમ્પેન્સેશન અંગે જ્યાં સુધી નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો ના આવે ત્યાં સુધી તેને મુલ્તવી રાખવું

## 2. એન્વાયરમેન્ટ કિલયરન્સ

MoEF&CC દ્વારા સભ્યોના ToR/CTE/NOC થઇ ગયા હોય તેમને જીપીસિબી દ્વારા EC આપવું જોઇએ. હાલમાં SEIAA કમિટીનું એક્સ્ટેનશન કરવામાં આવ્યું છે તો પડતર અરજીઓ અંગે તાત્કાલિક ધોરણે નિકાલ કરવો જોઇએ.

## 3. કારખાનામાં થતા અકસ્માત સમયે થતી કાર્યવાહી બાબત

ગુજરાતમાં તમામ ઉધોગો કારખાના એકટ હેઠળ નોંધાયેલા હોય છે. કોઈપણ કારણોસર અકસ્માત થાય ત્યારે આ અંગે સૌપ્રથમ ફેકટરી ઇન્સ્પેક્ટર દ્વારા યોગ્ય તાપસ થાય અને તેમનો રિપોર્ટ આવે ત્યારબાદ કાર્યવાહી થવી જોઈએ પરંતુ આમ ના થતા પોલીસ તાત્કાલીક ધોરણે પહોંચી કેસ કરી IPC 304 અને 304-એની કલમ લગાડી કારખાનેદાર ને જેલ ભેગા કરી દે છે. આ અંગે જીપીસિબી દ્વારા પણ કાર્યવાહી કરવામાં આવે છે અને યુનિટોને બંધ કરવા પાવર, પાણી બંધ કરવા, મોટી રકમ નો દંડ કરવો અને યુનિટોને મોટી રકમની બેન્ક ગેરંટી આપવી પડે છે જેને કારણે ઉધોગો પર આર્થિક બોજ ખુબજ પડે છે. આ અંગે યોગ્ય નિર્ણય લેવા વિનંતી.

## 3. ઔધોગિક ઘન કચરાના નિકાલ માટે જમીન ફાળવવા બાબત

હાલમાં અમદાવાદ ની આજુબાજુ કોઈ TSDF સાઈટ નથી જેથી ઉધોગોને તેમના કારખાનામાંથી નીકળતો ઘન કચરો ઠાલવવા બહુ દૂર જવું પડે છે તે કોવિડ -19ના

Durgesh V. Buch
President

Natubhai Patel
Sr. Vice President

Bhargav Thakkar
Vice President

Sanjeev Chhajer
Secretary

Dilip M. Padhya
Secretary (R)

Pathik S. Patwari
Treasurer

સમયમાં આર્થિક રીતે ઉદ્યોગોને પોષાય તેમ નથી અને જે સાઇટો ચાલુ છે તે પણ ટૂંક સમયમાં ભરાઈ જશે.

આ અંગે આગોતરા આયોજન માટે સરકારે નોટોફાઇડ લેન્ડ વ્યાજબી ભાવે ફાળવવી જોઇએ જેથી ઉદ્યોગોને આવનારા ભવિષ્યમાં મુશ્કેલી પડે નહિ.

**4. એસિડ ન્યૂટ્રલાઈઝાશન**

ગુજરાતમાં એસિડ ન્યૂટ્રલાઈઝાશનૂ પદ્ધતિ છે જે પ્રદુષણ ઘટાડવામાં ખુબજ મહત્વનું સાબિત થયું છે, હાલમાં ગુજરાતમાં વટવા ખાતે "નોવેલ સ્પેન્ટ એસિડ મેનેજમેન્ટ" દ્વારા આ પ્લાન્ટ ચલાવવામાં આવે છે જે ખુબજ સફળતાપૂર્વક કામ કરી રહ્યો છે.

અમારી આપને નમ્ર વિનંતી છે કે આવા બીજા પ્લાન્ટ માટે દહેજ ખાતે ટોકન ભાવે જમીન ફાળવવા માટે જીઆઈડીસીને રજુઆત કરવી. જો આ પ્લાન્ટની સ્થાપના કરવામાં આવે તો દહેજ, અંકલેશ્વર, પનોલી , ભરૂચ, ઝગડીયા તેમજ અન્ય ઔદ્યોગિક વસાહતોને આ સવલતનો લાભ મળી શકે.

5. જે એસ્ટેટમાં CETP હોય ત્યાં આગળ Zero Liquid Discharge (ZLD) પ્રમાણે EC/Consent આપવામાં આવે છે અને ME/Spray Drier હોય ત્યાં ડબલ ડિસ્ચાર્જ ગણવામાં આવે છે.

6. ગ્રીન બેલ્ટના નિયમ પ્રમાણે જીઆઈડીસીમાં નાના નાના પ્લોટ હોવાથી કોમન જગ્યામાં એસ્ટેટમાં ગ્રીન બેલ્ટ વિકસાવવામાં આવે તેવા સંજોગોમાં ઉદ્યોગોને પરમિશન આપવામાં આવે.

આશા રાખીએ છીએ કે આપ સાહેબ આ અંગે ઘટતું કરી યોગ્ય કરશો.

સહકારની અપેક્ષા સહ,

આપનો વિશ્વાસુ,

નટુભાઈ પટેલ

સિનિયર ઉપપ્રમુખ